# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**


સરકારી પોલીટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયુ/જોડાણ/બી.એડ./૨૦૧૬ / ૧૦૪૪ તા. ૧૦/૧૧/૨૦૧૬

પરિપત્ર - ૧૦૮

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. ના અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા રેગ્યુલેશન ૨૦૧૪ બહાર પાડવામાં આવેલ છે અને આ રેગ્યુલેશનની અમલવારી અર્થે તમામ કોલેજોના ટ્રસ્ટીશ્રીઓ પાસેથી નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા NCET રેગ્યુલેશન ૨૦૧૪નું પાલન કરવાની ખાતરી રૂપે જે તે સમયે સોગંદનામું મેળવવામાં આવેલ છે અને ત્યારબાદ ૫૦ વિદ્યાર્થીઓના બેઝીક યુનિટ અથવા ૫૦+૫૦ વિદ્યાર્થીઓના ૨ યુનિટ નિયત શરતોને આધીન NCET દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના તા. ૧૮/૧૦/૨૦૧૬ ના પત્રથી ઉપર દર્શાવેલ NCET ના રેગ્યુલેશન ૨૦૧૪ તેમજ NCET દ્વારા જે તે કોલેજોને આપવામાં આવેલ બી. એડ. અભ્યાસક્રમની મંજૂરીની શરતોનું પરિપાલન થયેલ છે કે કેમ તેની ચકાસણી કરવા સુચના આપવામાં આવેલ છે અને તે અંગેનો અહેવાલ મોકલી આપવા જણાવવામાં આવેલ છે. આ સંદર્ભમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. કોલેજોના ટ્રસ્ટીશ્રીઓ/આચાર્યશ્રીઓને જણાવવાનું કે NCET રેગ્યુલેશન ૨૦૧૪નુ તેમજ NCET દ્વારા આપની કોલેજને આપવામાં આવેલ મંજુરી વખતે દર્શાવેલ શરતોનું અચૂક પાલન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરશો. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી દ્વારા આ અંગેની ચકાસણી માટે કમિટી બનાવવામાં આવશે અને કમિટી દ્વારા ઉપર્યુક્ત બાબતોની ચકાસણી અર્થે આપની કોલેજની રૂબરૂ મુલાકાત લેવામાં આવશે અને તેનો અહેવાલ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરે મોકલવામાં આવશે. જેનાથી વિદિત થઇ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
આ યુનિવર્સીટી સંલગ્ન બી. એડ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજના ટ્રસ્ટીશ્રીઓ તથા આચાર્યશ્રીઓ.

નકલ રવાના –

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,
ડૉ. જીવરાજ મહેતા,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.